Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.4 No.17

Impact Factor : 6.89
Quarterly
January to March2019

# મેઘાણીની રાષ્ટ્રપ્રેમને વ્યક્ત કરતી કવિતા

**Dr. Rajendra Kumar k. Makwana**

## મેઘાણીનાં ગીતો

કેવળ ગાંધીયુગને જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતી સાહિત્યને પોતાનું વિપુલ સાહિત્ય પ્રદાન કરનાર અને રાષ્ટ્રીય શાયરનું બિરદુ મેળવનાર ઝવેરચંદ મેઘાણીના સમગ્ર સર્જનને નહિ પરંતુ તેમના 'ગીતોનાં સર્જનનો અભ્યાસ' એ ઉપક્રમ રખાયો છે. તેથી તેમનાં બૃહદ સાહિત્યસર્જનમાં ન જતાં તેમના ગીતો ઉપર દ્દષ્ટિ રાખીને અભ્યાસવાનો પ્રયત્ન અહીં છે.

'ગીત' એ ઉર્મિકાવ્યનો એક પ્રકાર છે એ આપણે આગળ નોંધ્યું છે એટલે ઉર્મિકવિતાનાં લક્ષણોને ધ્યાનમાં રાખીને તેમના ગીતોને તપાસવામાં આવ્યા છે.

સોરઠનાં પહાડી પ્રદેશમાં ઉછરેલાં બાળકના ચકોર ચિત્તે માણેલી દુહા સોરઠની સમઝટ, શાળા જીવનમાં કલાપીની ઉર્મિ છલકાતી કવિતાનું આકર્ષણ, બંગાળ નિવાસ દરમિયાન બાઉલ ભજનો અને રવિન્દ્ર કવિતાનો પરિચય, સોરઠ પાછા ફર્યા પછી લોકસાહિત્યનો સઘન સમાગમ આ કાવ્ય સંસ્કારોથી કવિ મેઘાણીનો માનસપિંડ બંધાયો. મેઘાણીની કવિતા વિષય પરત્વેમાંથી વિચારધારાનું આલંબન લે છે, પણ આયોજન પરત્વે લોકસાહિત્ય અને ચારણી સાહિત્યને ખભે ચડવાનું પસંદ કરે છે. પ્રવાહી પદ્યમાં રચાતી વિચારપ્રધાન કવિતાની વચ્ચે મેઘાણીની બહુજનસમાજ ભાગ્ય ગેય રચનાઓનો રણકો જુદો તરી આવે છે જે આપણે તેમનાં કવિતાસંગ્રહમાં નિરૂપિત ગીતોનો આધારે જોઇ શકીશું. મેઘાણીનાં કાવ્યસંગ્રહોનો અલગ અલગ અભ્યાસનો મુદ્દો ન બનાવતા પરંતુ જુદા વિષય વિભાગોમાં મૂકીને તેમની સમગ્ર ગીત કવિતાને અવલોકવાનો અહીં પ્રયત્ન છે. મેઘાણીના ગીતોને મુખ્ય સાત વિભાગમાં વહેંચવામાં આવ્યા છે

મેઘાણી કસુંબલ રંગના કવિ છે. જેમાં ભાવસભરતા હોય, ઉદાત કર્તવ્યનો તરવરાટ હોય, બલિદાન, યુયુત્સા, રાષ્ટ્રપ્રેમને પ્રેમભાવથી જે અભિષિક્ત હોય એવા જીવનને તેઓ બિરદાવે છે. મેઘાણીનું હૃદય સાચા કવિનું

છે. બહારનાં બળોના ધક્કાથી અને ઉદ્દીપકોથી જ એમની કવિતા પાંગરી છે. બાહ્ય બળો એમની ગીત કવિતાનું ચાલકબળ બની રહેલું- અહીં એમની ગીતકવિતામાં દેખાય છે.

માભોમ પ્રીતિનો કસુંબલરંગ તેમને એજન્સીમાં ફોજદારી કરતા પિતા કાળીદાસ મેઘાણી સાથે સૌરાષ્ટ્રનાં ગામડાઓ અને ડુંગરોમાંથી પ્રાપ્ત થયો ચે. તેઓ પોતેજ પોતાને 'પહાડનું બાળક' કહીને ઓળખાવે છે. માતૃભૂમિની વેદના, એની પરવશતા, પરાધીનતા, દુર્દશાની વેદના મેઘાણીના હૈયામાં ઘુંટાયા કરી છે, વિદ્યાર્થી અવસ્થામાં કલાપીના દર્દસભર કાવ્યોની અસર, રવીન્દ્રનાથના કાવ્યોની અને બાહ્ય ભજનોની અસર એમના ઉપર થયેલી છે. પણ એમનું સાચું ઘડતર તો સૌરાષ્ટ્રના ડુંગરાળા પ્રદેશની પ્રકૃતિથી થયેલું છે. હૃદયમાં વર્ષોથી ઘુંટાયેલી માતૃભૂમિની વેદના, પરવશતા, પરાધીનતાને બહાર નીખલવાનો અવકાશ આખરે તેમને 'સૌરાષ્ટ્ર' તંત્રી અમૃતલાલ શેઠના સહયોગથી મળે છે અને તેમને પોતાના હૃદયના ઉર્મલ કવિને ધોરી રસ્તો મળી જાય છે. આફ્રિકાથી હિન્દુસ્તાન પાછા ફરેલા ગાંધીજી સાથે મુક્તિ સંગ્રામનું મેલાણ પણ લાવે છે. ભારતનો સ્વાતંત્ર સંગ્રામ, ગાંધીજીનું દલિતદર્શન ને અનુકંપા, ગાંધીજીની મહાનતા વગેરેની અસર મેઘાણી ઉપર તરત થાય છે. પેટાળમાં પડેલા બાલ્યાવસ્થાના સંસ્કારો આ બધાં પરિબળોથી જાગી ઉઠે છે. જે તેમની કવિતામાં જોઇ શકાય છે.

મુક્તિસંગ્રામ નિમિત્તે લખાયેલાં તેમનાં ગીતોમાં મેઘાણીની કવિત્વશક્તિ કરતાં પણ રાષ્ટ્રભાવનાનો તેમનો જુસ્સો અને સૂર તેમને રાષ્ટ્રગીતો રચવા તરફ વધુ ખેંચી ગયો છે. એવો અનુભવ તેમના રાષ્ટ્રપ્રેમનાં વિપુલ પ્રમાણમાં લખાયેલાં ગીતોથી જોઇ શકાય છે. તેમની રાષ્ટ્રભક્તિ કેવી પ્રબળ હતી તે તેમનાં રાષ્ટ્રપ્રેમનાં ગીતોને ઉદાહરણ રૂપે લઇ વધુ વિગતે જોઇ શકાશે.

જેમ કે-

**"દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં**
**ભભક્યો કસુંબીનો રંગ**
**સાગરને તીરે સ્વાધીનતાની કબોરમાં**
**મહેક્યો કસુંબીનો રંગ"**

(યુગવંદના)

ને આ રાષ્ટ્રભક્તિનો કસુબલ રંગ મુક્તિને કાજે પોતાનું શોણિત વહાવ્યું છે. એવા મુક્તિ-સંગ્રામમાં ખપી જનારાઓએ પાયો છે ને  આ કસુંબીનો રંગ પીતાં પીતાં ગુલામીની જંજીરો તોડવા તેમની આંખોમાં લાલચટક કસુંબલ જીવનપર્યત ઘૂંટાતો જ જાય છે. મુક્તિની આ ભઆવના દેશપરદેશની સ્વાધીનતાની કબોરમાંથી તેમનાં દિલમાં પ્રસરતી જાય છે. ગુલામ પ્રજાની અવદશાના દર્શનથી બાલ્યાવસ્થાથી ચચરતું મેઘાણીનું દિલ પકવતા ધારણ કરતાં પોકારી ઉઠે છે.

**"પીડિતના આસુંડાની ધારે-હાહાકારે**
**રેલ્યો કસુંબીનો રંગ."**

(યુગવંદના)

સ્વતંત્રતાની રંગે રંગાયેલા કોઇ દેશપ્રેમને ઉદ્દેશીને લખાયેલા આ ગીતમાં મેઘાણીનો રાષ્ટ્રપ્રેમ છતો થાય છે.

ગરનારીના ઉતારા રે ભાઇઃ વેલાના ઉતારા- એ ભજનના ઢાળમાં લખાયેલું 'ધીમાં ધીમાં લોચન ખોલો' ગીત છે તેમાં સંહારના સ્વામી બનીને વ્હાલના મીઠાં સંબંધોને તોડીને માભોમની રક્ષા કાજે દેશભક્તોને કવિની હાકલ છે. લોકક્ષય કરનાર હિંસાવૃત્તિઓ રૂચી ફણીધર સાપોને વાસુકિઓ એને વશ રાખવાનો દાવો કરનારા

શાસકોને રાજનીતિજ્ઞોરૂપી વાદીઓ ને ગારૂડીઓ છે જેઓનો સંહાર કરીને સંહારા સ્વામી બનો. સંહારના સ્વામી તમે જ શિવ છો. સુંદર છો અને મંગળ છો. એમ કહી કવિ વર્ષોથી છવાયેલા પરાધીનતાના પડળોને દૂર કરવા આંખો ઉપાડવાનું કહે છે જેમ કેઃ

**"ભીતર ભોરિંગો ફૂંફાડે**
**જાગ્યા વાસંગી ફૂફાડે રે..."**
**(એકતારો-પૃ. 15)**

મુક્તિસંગ્રામના, ક્રાંતિના ભાવને જાગૃત કરતું 'ઓતરાદા વાયરા ઉઠો' કાવ્ય કવિની શબ્દશક્તિનો ઉત્તમ નમૂનો છે. શબ્દોની ખુમારી ભાવની સચોટતા, ક્રાંતિના ભાવને પકડી ધ્વંસમાંથી સર્જનની ભાવનાને પકડતું આ કાવ્ય કવિની કાવ્યપકડનો સરસ નમૂનો બની રહ્યું છે.

**"કવિઓના લાડકડા મલયા નિલ મંદમંદ !**
**રહેજે ચંદનની ગોદ સૂતો**
**નથી નથી પર્વ પુષ્પધન્વાનું આજ ! ઘોર**
**વિપ્લવના ઢોલડા ધડૂકો**
**ઓતરાદા વાયરા ઉઠો !"**

કવિઓના લાડકડા મલયા નિલની શીતળતાની અત્યારે દેશને જરૂર નથી. પરંતુ વિપ્લવનો બૂંગીઓ ફૂંકતા ઓતરાદા વાયરાની તાતી જરૂર કવિને જણાય છે. ક્રાંતિની ભાવનાથી સિક્ત આ કાવ્ય આપણું ઉત્તમ ક્રાંતિગીત બની રહ્યું છે.

એવો જ વિપ્લવનો ક્રાંતિનો ભાવ 'ઝંખના' ગીતમાં નિરૂપાયો છે. કવિની હૃદયમાં પડેલી ઇચ્છાઓને અહીં તાદૃશ થતી જોઇ શકાય છે. ધીમા ધીમા સ્વતંત્રતા તરફ ડગ માંડવાથી પરદેશીઓથી બંધાયેલી માભોમને જંપ નથી વળતો પરિણામે માતૃભૂમિને ચાહનારો કવિ ગાય છે.

**"આવો ! વિપ્લવ ! આવો જવાલામુખી !**
**આવો, રૂડા ભૂમિકમ્પ રે**
**ભેદો જીર્ણતા-દારૂણ થંભ... "**

દેશપ્રીતિના કવિ કહે છે મારા દેશનાં બંધન ક્યારે કપાય, પરાધીનતાનાં પડળોને ચીરનારો કોઇ ભડવીર ન દેખાતાં કવિ નવસર્જન માટે વિપ્લવ, જ્વાલામુખી, ભૂમિકમ્પને પોકારે છે.

**'વધું ન માગું'**

આ ગીત ભજન ઢાળમાં રચાયેલું મેઘાણીનું રાષ્ટ્રપ્રેમનું ગીત છે. એમાં કવિ પોતાના દેશના ગીતો ગાવાનું કહે છે પોતાના દેશની પ્રીતિને હૃદયમાં સંઘરીને ફરતા મેઘાણી દેશીજનોનો આગળ પણ એ ગીત દ્વારા વ્યક્ત કરવા માંગે છે. અ એના શબ્દો બધા નહિ જીલી શકે પણ એને ઝીલનારા કેટલાક દેશી જનો તો હશે જ પોતાના દેશના જનોની આગળ માંગણી કરતા કહે છે.

**"મને એકને ગળું ફૂલાવી**
**ભજન સુણવવા દેજો**
**રે ભાઇ ! ભજન ગજવવા દેજો."**

કવિને આશા છે કે મારાં ગીતોના શબ્દોમાં રહેલા દેશપ્રીતિના રણકા બધા નહિ ઝીલી શકે તો કોઇ ધણીના બંદા હશે જ તે ઝીલશે, અને તેમનાં હૃદયમાં પણ પોતાના દેશ પ્રત્યેની પ્રીતિ વધુ ગાઢ બની શકશે.

'કસુંબો રંગ', 'ઝંખના', 'ઓતરાદા વાયરા ઉઠો' જેવાં ગીતોમાં ક્રાંતિનો ભાવ કવિએ ગાયો છે. જેમાં દેશીજનોને ગુલામ દેશની મુક્તિ કાજે લડવાનો હાકલ છે તો 'બ્હેન-હિન્દવાણી', 'બીકકોની મા તને' એ ગીતોમાં આરવાસનનો એકભાવ કવિએ ગાયો છે. 'બેન હિન્દવાણી', 'એ ગીતમાં ભારતદર્શન' કવિએ ગાયું છે. ભારતનાં જુદા જુદા પ્રદેશોને કવિએ 'બ્હેન હિન્દવાણી' ગીતમાં ગાયાં છે. હિન્દુસ્તાન બેન તરીકે સંબોધન કરતો કવિ ગાય છે. ઉત્તર, પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ ચારે દિશાએથી તું સર્વસંપન્ન છે. આખુ ગીત સંપૂર્ણ ભારતદર્શનનું ગીત બન્યું છે. તો 'બીક કોનીમા તને' એ ગીતમાં કવિ ભારતભૂમિને માતા કહી આશ્વાસન આપતા કહે છે.

**''બીક કોની ! બીક કોની ! બીક કોની, મા તને ?**
**ત્રીસ કોટિ બાલકોની ઓ કરાલી મા તને.**
**બીક કોની, બંદુકોની ?**
**બીક કોની, સૈનિકોની ?**
**બીક ચોર-ડાકુઓની ?''**

સ્વાતંત્ર્યસંગ્રામ વેળાએ લખાયેલા આ ગીતમાં સ્વાતંત્ર્યસંગ્રમની પળોમાં હે માં તને બીક કોની છે ? એવા પ્રશ્ન સાથે કવિ ભારતભૂમિને ઉદ્દેશતા કહે છે, તારે કોઇની બીક રાખવાની જરૂર નથી. કેમ કે હવે તારી સ્વાતંત્રતાની ઘડી આવી ગઇ છે.

'સ્વતંત્રતાની મીઠાશ' ગીતમાં સ્વતંત્રતા મળ્યા પછીનો જે આનંદભાવ છે એ કવિએ ગાયો છે સ્વતંત્રતાના ભાવને ગાતા કવિ કહે છે.- 'સ્વતંત્રતા' શબ્દમાં જ એવી મીઠાશ ભરેલી છે કે જેના નામથી મસાણોથી મુરદા બેઠા થઇ જાય એવી સુધા અંદર ભરેલી છે.

''એને કાને શબ્દ પડ્યો'' તું સ્વાધીન ! શી ઓહો સુખની ઘડી !
એની આંખ લાલમ લાલ છાતીમાં છાતીમાં છોળો છલકાઇ પડી !
માતૃભૂમિની સ્વતંત્રતા માટે કવિ કહે છે કે-

**''પડું કેદખાનાને ઓરડે,**
**લટકુયે ફાંસીને દોરડે,**
**લાખો ગોળી તોય તણી ગડે !''**
**તારો હાથ હોય લલાટ, તો ભલે આવે જુલ્મતણી ઝડી !**
**તારુ નામ હોય જબાન, તો શી છે ભીતિ, ઓ મારી માવડી !**

સ્વતંત્રતા માટે મરીફીટવાની ઝંખના 'સ્વતંત્રતાની મીઠાશ' ગીતમાં આલેખાઇ છે સ્વતંત્રતા માટે કવિ કહે છે ગમે તેવા જુલ્મની ઝડી આવે તો પણ પોતાને ડર નથી અને દેશના ખૂણે ખૂણે પણ તારી મીઠાશ વ્યાપી વળી છે એટલે હવે તારી મીઠાશ મેળવવા દેશીજનો જાગૃત થઇ ગયા છે અને એટલે જ

**''મારા દેશનાં સહ શોષિતો**
**દુનિયાનાં પીડિતો-તાપિતો**
**ખૂણે ખૂણે ગાય તારાં ગીતો !''**
**''એનાં ભૂખ્યાં પેટ છતાં એને કેવી મોંઘી તું, તેવી મીઠડી !**
**એનાં બંધન તૂટશે, એ આશે ખલ્ક બધી ખડી !''**

તો 'ઝંડા વંદન' ગીતમાં કવિ પોતાના દેશની સ્વતંત્રતાની ધ્વજપતાકા લહેરાતી રહે એવી આશા સેવે છે. સ્વતંત્રતાનો ઝંડાને વદંન કરતા કવિ કહે છે

**"તારે ક્યારે કંક દુલારે દિલનાં શોણિત પાયાં**
**પુત્રવિજોગી માતાઓનાં નયનઝણ ઠલવાયાં**
**ઝંડા! અજર અમર રેજે**
**વધ વધ આકાશ જાજે"**

તને લહેરાવવા કૈક કેટલાય દેશપ્રેમીજનોએ પોતાના લોહી વહાવ્યા છે કંઇ કેટલીયે માતાઓ પુત્રવીહોણી બની છે. કુમળા બાળ, કિશોર, બુઝર્ગો સહુ તારા માટે ધાયાં છે. નર નારી નિર્ધન, ધનવંતો ભેદભાવ ભુલીને તારે માટે આગળ આવ્યા છે અને મુક્તિસંગ્રામમાં જોડાયા છે તારે માટે રેડાયેલા એક એક લોહીના બુન્દને માટે તું વધી વધુ આકાશ જાજે.

**"આઠે પહોર, હુંકારા કરતે જાગ્રત રહે, ઉમંગી!**
**સાવધ રહેજે, પહેરો દેજે, અમે ન રહીએ ઉંઘી**
**ઝંડા સ્વરાજ્યના સંત્રી!**
**રહો તુજ ઝાલર રણઝણતી!"**

'ઉઠો' કાવ્યમાં રાષ્ટ્રમુક્તિની લડતની ઝંખના અને ગુલામમાનસને ત્યજવાની હાકલના દર્શન થાય છે. તો સ્વતંત્રતાનું કૂચગીત બની રહેલું 'આગેકદમ' સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેનો પ્રજાનો ઉત્સાહ વ્યક્ત કરે છે.

**"આગે કદમ આગે કદમ! આગે કદમ**
**યારો ફનાના પંથ પર આગે કદમ"**

એવું જ 'મોતના કંકુ ઘોળાણ' ગીત સ્વતંત્રતાનું કૂચગીત બને એવું છે એમાં પણ સ્વતંત્રતાનો ભાવ લય અને તેના શબ્દોથી શોભી ઉઠે છે.
જેમ કે-

**"કંકુ ગોળજો જી કે કેસર રોળજો!**
**પીઠી ચોળજો જી કે માથા ઓળજો!"**

1930 ના ધોલેરા સત્યાગ્રહ વખતે મોતના કંકુઘોળાણ કવિ આ ગીત ગાય છે.

આ સિવાય પણ ભીરુ, ભ્રાંતિ, અદીઠી આગના ઓલવનારા, ધરતી માગે છે ભોગ, તોય મા તે મા, નિરર્થક તૈયારીઓ વગેરે ગીતો પણ રાષ્ટ્રપ્રેમને વ્યક્ત કરતાં મેઘાણીનાં ઉત્તમ ગીતો છે.

**"દેશદ્રોહી તણી કમર પર ત્રાટકી**
**તે નથી, મિત્ર, શું ઘાવ દીધા?" (ભીરુ)**
**"વીરા સત્તાની દેરીઓ ઉખાડી**
**ને દેવ બની કેમ બેઠા?" (ભ્રાંતિ)**
**"ઓલાવવા આવનાર સળગી જજો રે કૂદાં**
**સ્વારથનાં કીટને પતંગ હો**
**હો ઘણેરા રંગ હો!**
**હો કલેજા રંગ હો!" (અદીઠી આગના ઓલવનારા)**
**'ધરતી માંગે છે ભોગ' માં-**
**'દેવાયત પંડિત દાગ દાખવે' એ ભજન ઢાળમાં લખાયેલું**
**"જાગો હો, બળહીણાં બહુબેનડી**

આપવા આવ્યા છે ટાણા,
ઉઠો હો ખંખેરી ખોટી બીકને !
મુગતિનાં વાય રે વાણાં,"
'તોય મા તે મા' માં
''તુજ પરાજ્યની ધૂળને ધરશું અમારે મસ્તકે
ચરણો વીંધાયલા કંટકે ચૂમી લઈશું, મા !"

મેઘાણીનાં સ્વતંત્ર કાવ્યસર્જનની પ્રતિભા ઓછી, પરંતુ જે ભાવ અને જુસ્સો એમની કવિતામાં વણાયો છે રાષ્ટ્રભક્તિથી છલકાતું હૃદય કાવ્યકલાના નિયમોને શિલ્પને બહુ ગણકારતું નથી. તેમ છતાં એમની પાસે અનુવાદો અ રૂપાંતરોનો કસબ છે, તે કલાની કોટિએ પહોંચી શકે એવો છે.

એમણે અસંખ્ય ગીતોનાં અનુવાદો કર્યા છે. મુક્તિના શ્વાસોચ્છવાસ લઈ રહેલા દેશની ભાવનાઓ રૂપાંતરિત કરીને તે રજૂ કરે છે. હિંદની તત્કાલીન જીવનની હીન છતાં સત્વશીલ દર્શનથી એમને પુષ્કળ પ્રેરણા મળી છે જે આપણે તેમની કેટલીક રચનાઓની પંક્તિઓ લઈને જોયું છે તેમનાં રાષ્ટ્રપ્રેમના ગીતોમાં મૂર્ત થતું કવિમાનસ રાષ્ટ્રપ્રેમથી છલોછળ ભરેલું છે અને એ તેમની એ પ્રીતિ જ ઓતરાદા વાયરાને નિમંત્રે છે. ઓતરાદા વાયરાને ધરતીની જીર્ણતાને સંહારીને નવસર્જનની મૂતન ભૂમિકાનાં નિમાણાર્થે કવિ નિમંત્રે છે. મૂર્છિત વનરાજીને ઢંઢોળવા માટે અને જોબનમાં નીરને પુનઃ વહેતા કરવા ઓતરાદા વાયરાની જરૂરછે. પોતાના રાષ્ટ્ર તરફની આ અવ્યભિચારિણી ભક્તિ કવિને નિર્દંભ વાસ્તવિકતા તરફ દોરી જાય છે. પોતાની માતૃભૂમિ 'સહુ દેશ તણી મહારાણી' છે એ ખરુ, છતાં વર્તમાન વિષમતાઓ તરફ કવિ દુર્લક્ષ કરી શકતા નથી.

વીર અને કરુણને બહેલાવવાની મેઘાણીને સારી ફાવટ છે એ આપણને તેમનાં ગીતો જોવાથી ખબર પડી ગઇ છે. એ ગાળાનું વાતાવરણને પરિસ્થિતિ પણ આ બે રસની નિષ્પત્તિ માટે ઘણી અનુકૂળ જણાય છે. એક તરફ ઉત્સાહ, યુયુત્સાભરી સ્વાતંત્ર્યની લડત છે તો બીજી બાજુ લાખો કરોડો દેશવાસીઓની દીનહીન હાલત છે. કવિનો કંઠ આ બંનેના ગીત મોકળે મને ગાય છે. યુદ્ધોત્સાહના ગાનમાં શુદ્ધ ગાંધીયુગીન વીર ભાવને મધ્યકાલીન લોકસાહિત્ય પરિચિત વીર ભાવનો પાસ લાગતાં એમાં કૌતુકનો રંગ પણ આવે છે.

જેમ કે-

'''આગે કદમ' દરિયાવની છાતી ખરે;
નિર્જળ રણે, ગાઢાં મરાણ્યે ડુંગરે;
પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરેઃ
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ!"

તો તરુણોના યુયુત્સાભાવને પણ તે મધ્યકાલીન વીરતાનાં વાઘા પહેરાવે છે.

જેમ કે-

''કેસરિયા વાઘા કરી જોબન જુદ્ધ ચડે
રોકણહારું કોણ છે કોનાં નેન રડે ?"
(તરુણોનું મનોરાજ્ય - પૃ. 31 'યુગવંદના')

**સંદર્ભઃ-**

1. મેઘાણી સ્મૃતિગ્રંથ - સં. ઉમાશંકર જોશી
2. ઝવેરચંદ મેઘાણી વ્યક્તિત્વ અને વાઙ્મય- લે. જોષી જયંત
3. ઝવેરચંદ મેઘાણી - અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ

**Dr. Rajendra Kumar k. Makwana**
Associate professor
Department of Gujarati
Shri S. R. Bhabhor Arts College , Singvd